

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ સાપ્તાહિક

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-33 ■ તા. 31-8-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# ભારત વિકાસ યાત્રામાં જાપાન પાર્ટનર બન્યું : વડાપ્રધાન મોદી



ટોક્યો, તા.૩૦

જાપાન પહોંચ્યા પછી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુક્રવારે (૨૯ ઓગસ્ટ) કહ્યું કે, જાપાન હંમેશા ભારતની વિકાસ યાત્રામાં એક મહત્વપૂર્ણ ભાગીદાર રહ્યું છે. તેમણે કહ્યું કે મેટ્રોથી લઈને ઉત્પાદન, સેમિકન્ડક્ટરથી લઈને સ્ટાર્ટઅપ્સ સુધીના દરેક ક્ષેત્રમાં આપણી ભાગીદારી પરસ્પર વિશ્વાસનું પ્રતીક બની ગઈ છે. તેઓ તેમની બે દિવસીય મુલાકાત દરમિયાન ભારત-જાપાન આર્થિક મંચમાં હાજરી આપવા જાપાન પહોંચ્યા હતા. પ્રધાનમંત્રી મોદીની આ જાપાન મુલાકાત ઘણી રીતે ખાસ રહેવાની છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, "હું આજે સવારે ટોક્યો પહોંચ્યો છું. મને ખૂબ આનંદ છે કે, મારી મુલાકાત વ્યાપાર જગતના દિગ્ગજો સાથે શરૂ થઈ રહી છે. તમારામાંથી ઘણા એવા છે જેમની સાથે મારો અંગત પરિચય છે, જ્યારે હું ગુજરાતમાં હતો અને જ્યારે હું દિલ્હી આવ્યો ત્યારે પણ." તેમણે કહ્યું, "જાપાન હંમેશા ભારતની વિકાસ યાત્રામાં એક મહત્વપૂર્ણ ભાગીદાર રહ્યું છે. મેટ્રોથી લઈને ઉત્પાદન, સેમિકન્ડક્ટરથી લઈને સ્ટાર્ટઅપ્સ સુધીના દરેક ક્ષેત્રમાં આપણી ભાગીદારી પરસ્પર વિશ્વાસનું પ્રતીક બની ગઈ છે."

પીએમ મોદીએ કહ્યું, "જાપાની કંપનીઓએ ભારતમાં $40 બિલિયનથી વધુનું રોકાણ કર્યું છે.

છેલ્લા ૨ વર્ષમાં જ ખાનગી રીતે $30 બિલિયનનું રોકાણ કરવામાં આવ્યું છે. છેલ્લા ૧૧ વર્ષમાં ભારતના અભૂતપૂર્વ પરિવર્તનથી તમે બધા સારી રીતે વાકેફ છો. આજે, ભારતમાં રાજકીય સ્થિરતા, આર્થિક સ્થિરતા અને નીતિમાં પારદર્શિતા છે."

વડા પ્રધાને કહ્યું, "ઓટો ક્ષેત્રમાં આપણી ભાગીદારી ખૂબ જ સફળ રહી છે. સાથે મળીને, આપણે બેટરી, રોબોટિક્સ, સેમી-કંડક્ટર, શિપ-બિલ્ડિંગ અને ન્યુક્લિયરમાં સમાન જાદુનું પુનરાવર્તન કરી શકીએ છીએ. સાથે મળીને, આપણે ગ્લોબલ સાઉથ, ખાસ કરીને આફ્રિકાના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકીએ છીએ. હું તમને બધાને "મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ" આવવા આમંત્રણ આપું છું.''

ભારત પર યુએસ ટેરિફ લાદ્યા પછી, પીએમ મોદીની જાપાનની આ મુલાકાત વ્યૂહાત્મક અને આર્થિક રોકાણની દ્રષ્ટિએ ખૂબ જ મહત્વપૂર્ણ છે. પીએમ મોદી જાપાનના વડા પ્રધાન શિગેરુ ઈશિબા સાથે AI, સેમિકન્ડક્ટર અને નવી ટેકનોલોજી વિશે વાત કરી શકે છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પણ તેમના એજન્ડામાં સામેલ થઈ શકે છે.

# સગીરાને ભગાડી જઈ દુષ્કર્મ ગુજારનારાને ૨૦ વર્ષની સજા



મહેસાણા, તા.૩૦

વડનગર પંથકની સગીરાને ભગાડી જઈ દુષ્કર્મ ગુજારનારા ચાણસ્માના સુણસરના યુવકને વિસનગરની પોક્સો કોર્ટે ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી.ચાણસ્મા તાલુકાના સુણસર ગામનો વતની અને સિદ્ધપુરના ગાંગલાસણ ગામે રહેતો ઠાકોર હજુરજી હાથીજી વડનગર પંથકની ૧૪ વર્ષ ૯ માસની સગીરાને ભગાડી ગયો હતો અને તેણી સાથે વારંવાર દુષ્કર્મ કર્યું હતું. સગીરાની માતાએ આ બાબતે તા.૮-૮-૨૧ના રોજ વડનગર પોલીસ મથકે હજુરજી ઠાકોર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનાની તપાસ કરીને ચાર્જશીટ કરી હતી તેમજ આરોપીની ધરપકડ કરી હતી. આ કેસમાં સરકારી વકીલ સી.બી.ચૌધરીએ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરી આરોપીને મહત્તમ સજાની દલીલો કરી હતી. જે ગ્રાહ્ય રાખી વિસનગરના સ્પેશિયલ પોક્સો જજ એન. એસ.સિદ્દીકીએ આરોપી ઠાકોર હજુરજી હાથીજીને પોક્સો સહિત વિવિધ કલમો હેઠળ કસુરવાર ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને કુલ રૂ.૨૪ હજાર દંડ ફટકાર્યો હતો. ઉપરાંત ભોગ બનનારને વળતર પેટે રૂ.૩ લાખ ચૂકવવા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળને દરખાસ્ત કરતો આદેશ પણ કોર્ટે કર્યો હતો.

# લાઈસન્સ, RC બુક સહિતના ડોક્યુમેન્ટ વગરના ૫૦ હજાર વાહનચાલકો ઝડપાયા



અમદાવાદ, તા.૩૦

અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા હેલમેટ કે સીટ બેલ્ટ ન પહેરનાર લોકો સામે કાર્યવાહી કરવામાં આવે છે. આ તમામ લોકોને ઇ-ચલણ થકી દંડ ફટકારવામાં આવે છે. પરંતુ શહેરમાં અનેક વાહનચાલકો એવા પણ પકડાય છે જે જરૂરી ડોક્યુમેન્ટ સાથે રાખતા નથી. શહેર ટ્રાફિક પોલીસે ચાલુ વર્ષે છ માસમાં ડ્રાઈવિંગ લાઈસન્સ, આરસી બુક, ઈન્સ્યોરન્સ અને પીયુસી વગર ફરતા ૫૦ હજારથી વધુ વાહનચાલકોને ઝડપી પાડ્યા છે. આ તમામ લોકો સામે પોલીસે લાલ આંખ કરીને ૫ કરોડથી વધુનો દંડ ફટકાર્યો છે. ત્યારે આગામી દિવસોમાં પણ આ પ્રકારના નિયમોનો ભંગ કરનાર સામે પોલીસ જરૂરી કાર્યવાહી કરશે. શહેરમાં ટ્રાફિક જામ અને અકસ્માતની સમસ્યા પાછળ ખાડે ગયેલા તંત્રએ કરેલો વિકાસ અને લોકોમાં સિવિક સેન્સનો અભાવ હોવાનું માનવામાં આવી રહ્યું છે. તંત્ર દ્વારા રોડ રસ્તાની કામગીરીમાં અનેક ભૂલો હોવાનું પણ સામે આવે છે. ક્યાંક ફોલ્ટી ડિઝાઈન, ગેરકાયદે કટ જેવા કારણો આ સમસ્યા પાછળ જવાબદાર છે. બીજી બાજુ લોકોમાં પણ સિવિક સેન્સનો અભાવ હોવાથી આ પ્રકારની પરિસ્થિતિ ઊભી થઈ છે. ટ્રાફિક પોલીસે લાખો લોકોને હેલમેટ અને સીટબેલ્ટ જેવા નિયમો ન પાળવા બદલ ઝડપી પાડી ઈ-ચલણ ફટકાર્યા હતા. ત્યારે હવે ડ્રાઈવિંગ લાઈસન્સ, આરસી બુક, ઈન્સ્યોરન્સ અને પીયુસી વગર વાહન લઈને નીકળતા લોકો સામે પણ પોલીસે લાલ આંખ કરી છે. શહેરમાં આ પ્રકારના ડોક્યુમેન્ટ લીધા વગર ફરતા ૫૦ હજારથી વધુ વાહનચાલકોને પોલીસે દંડ ફટકાર્યો છે. ડોક્યુમેન્ટ ન રાખતા વાહનચાલકોને પોલીસે અઢી કરોડથી વધુનો દંડ ફટકાર્યો છે. જેમાં ૧૦ હજારથી વધુ લોકોના વાહનનો વીમો ન હોવાથી ૨.૧૧ કરોડનો દંડ ફટકાર્યો છે. ટ્રાફિક પોલીસે કરેલી કામગીરી દરમિયાન છ માસમાં ૨૦ હજાર લોકો ટ્રાફિક સિગ્નલનો ભંગ કરતા ઝડપાયા છે. જે વાહન ચાલકોને ૧૦ કરોડથી વધુનો દંડ આપવામાં આવ્યો છે. જ્યારે ૧૨ હજાર લોકો ગાડીમાં ડાર્ક ફિલ્મ રાખતા ૬૮ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. સાથે વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ ઘાતક સાબિત થતો હોવાથી પોલીસે આવા ૧૦ હજાર લોકોને પકડીને ૫૦ લાખનો દંડ ફટકાર્યો છે. ચાલુ વર્ષે છ માસમાં જ શહેર પોલીસે ૧૪ લાખથી વધુ લોકોને હેલમેટ ન પહેરવા બદલ ઝડપી પાડી ૭૩ કરોડનો દંડ ફટકાર્યો છે. જ્યારે રેડ લાઈટ અને સ્ટોપ લાઈન વાયોલેશનનો ભંગ કરનાર ૨૦ હજાર લોકોને ઝડપી પાડી ૧૩ કરોડથી વધુનો દંડ આપવામાં આવ્યો છે. જ્યારે શહેરમાંથી ૧૪ હજાર લોકો વાહનની નંબરપ્લેટ ન રાખવા બદલ ઝડપાયા છે. જ્યારે ૪૦ હજાર લોકો સીટબેલ્ટ પહેર્યા વગર કાર હંકારતા હોવાથી ૧.૯૭ કરોડનો દંડ ફટકારી પોલીસે લાલઆંખ કરી છે.

# ક્રાઈમ બ્રાંચે વસ્ત્રાલ રિંગ રોડ પરથી ૧૯ કિલો ચરસ સાથે પેડલરને ઝડપી લીધો



અમદાવાદ, તા.૩૦

દારૂ અને જુગારના અડ્ડા પર ત્રાટકતી ક્રાઈમ બ્રાંચે વસ્ત્રાલ રિંગ રોડ પરથી કારમાં છૂપાવીને લાવવામાં આવેલો ચરસના જથ્થા સાથે એક પેડલરને ઝડપી લીધો છે. ઉત્તર પ્રદેશથી લાવવામાં આવેલું ૨૯ લાખનું ૧૯ કિલો ચરસ જપ્ત કરી લીધું છે. આ ચરસ કોણે મંગાવ્યું હતું અને કોના માટે લાવવામાં આવ્યું હતું તેની તપાસ ચાલી રહી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચ હવે અસ્સલ મિજાજમાં આવી ગઈ હોય તેમ લાગી રહ્યું છે. પોલીસ ઈન્સ્પેક્ટર પોતાની ટીમ સાથે વસ્ત્રાલમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે જ તેમને એક કાર શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી. તેના ચાલકને પોલીસે અટકાવીને પૂછપરછ કરતાં તેનું નામ વિવેક કુશવાહા(રહે કાનપુર, ઉત્તર પ્રદેશ) હોવાનું તેણે જણાવ્યું હતું. જોકે પોલીસે તેને અમદાવાદ શા માટે આવ્યો છે તે પૂછતા વિવેક કુશવાહાએ કહ્યું હતું કે તેના બે મિત્રો સાથે અમદાવાદ કામ માટે આવ્યો છે. જેઓ તેમના કામ માટે ગયા છે. પોલીસને વધુ શંકા જતાં તેની તલાશી લીધી હતી. પોલીસને કારમાં કંઈક છૂપાવ્યાની શંકા જતા તપાસ કરી ત્યારે બોનેટમાં છૂપાવેલા ૩૮ જેટલા પેકેટ મળી આવ્યા હતા. જે અંગે કારચાલકની પૂછપરછ કરતા તેણે કબૂલ્યું હતું કે કારના બોનેટમાં છૂપાવેલો જથ્થો ચરસનો છે. તે કાર ડ્રાઈવિંગનો વ્યવસાય કરે છે. ઉત્તરપ્રદેશના કાનપુર સુજાનપુરમાં રહેતા વિમલ રાજપૂત અને અજય નામની વ્યક્તિ ઉત્તરપ્રદેશથી ચરસનો જથ્થો તેની કારમાં લાવ્યા હતા અને અંકલેશ્વર રોકાયા હતા. ત્યાં અમદાવાદ આવીને અન્ય કોઈને ચરસ આપવાના હતા. પરંતુ, તે પૂર્વે પોલીસે કાર ઝડપી લીધી હતી. બીજી તરફ વિમલ અને અજય પોલીસને જોઈને ફરાર થઈ ગયા હતા.

# કંબોડિયાના નેતા સાથે લીક થયેલા ફોન કોલના મામલે થાઈ કોર્ટે પીએમ પેટોંગટાર્ન શિનાવાત્રાને બરતરફ કર્યા



બેંગકોક, તા.૩૦

થાઈલેન્ડની બંધારણીય અદાલતના આદેશ પછી, થાઈલેન્ડના વડા પ્રધાન પેટોંગટાર્ન શિનાવાત્રાને નૈતિક ધોરણોનું ઉલ્લંઘન કરવાના દોષી ઠેરવ્યા બાદ તેમના કાર્યકાળના માત્ર એક વર્ષ પછી જ પદ પરથી બરતરફ કરવામાં આવ્યા છે.

થાઈલેન્ડની બંધારણીય અદાલતે ચુકાદો આપ્યો કે કંબોડિયાના ભૂતપૂર્વ નેતા સાથે ફોન કોલ લીક કર્યા બાદ તેમણે નૈતિક નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું અને એમ પણ કહ્યું હતું કે વડા પ્રધાન પાસે બંધારણ હેઠળ લાયકાતનો અભાવ છે.કોર્ટના ચુકાદા પછી, નાયબ વડા પ્રધાન ફુમથમ વેચાયચાઈ અને વર્તમાન મંત્રીમંડળ સંસદ દ્વારા નવા વડા પ્રધાનની પસંદગી ન થાય ત્યાં સુધી, ગૃહના સ્પીકર દ્વારા નક્કી કરવામાં આવનારી તારીખે, કાર્યકારી ક્ષમતામાં સરકારનું નિરીક્ષણ કરશે.કોર્ટના ચુકાદા પછી, નાયબ વડા પ્રધાન ફુમથમ વેચાયચાઈ અને વર્તમાન મંત્રીમંડળ સંસદ દ્વારા નવા વડા પ્રધાનની પસંદગી ન થાય ત્યાં સુધી, ગૃહના સ્પીકર દ્વારા નક્કી કરવામાં આવનારી તારીખે, કાર્યકારી ક્ષમતામાં સરકારનું નિરીક્ષણ કરશે. ફેઉ થાઈ પાસે શરૂઆતમાં ત્રણ હતા પરંતુ હવે તેમની પાસે ફક્ત એક જ બાકી છેઃ ચૈકાસેમ નીતિસિરી, ૭૭, ભૂતપૂર્વ ન્યાય પ્રધાન અને એટર્ની જનરલ, જેમણે લો પ્રોફાઈલ રાખ્યું છે પરંતુ કહ્યું છે કે તેઓ પદ સંભાળવા માટે તૈયાર છે.બીજી શક્યતા અનુતિન ચાર્નવિરાકુલ, ૫૮, એક મહત્વાકાંક્ષી ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અને નાયબ વડા પ્રધાન છે જેમની ભૂમજૈથાઈ પાર્ટી જૂનમાં પેટોંગટાર્નના ગઠબંધનમાંથી નીકળી ગઈ હતી.વર્તમાન ઉર્જા પ્રધાન પીરાપન સલીરાથવિભાગ, ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન જુરીન લક્સાનાવિસિત અને ભૂતપૂર્વ વડા પ્રધાન પ્રયુથ ચાન-ઓચા, એક જન.રલ જેમણે છેલ્લી ફેઉ થાઈ સરકાર સામે ૨૦૧૪ માં બળવાનું નેતૃત્વ કર્યું હતું

# ભારે વરસાદ પછી દિલ્હી-નોઈડામાં ભારે ટ્રાફિક જામ

નોઈડા,

દિલ્હી-નોઈડામાં ભારે વરસાદને કારણે વાહનોની અવરજવર ખોરવાઈ ગઈ હતી અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. શુક્રવારે રાષ્ટ્રીય રાજધાનીમાં ઓફિસ અને અન્ય સ્થળોએ જતા મુસાફરોને અનેક મુખ્ય સ્થળોએ ભારે ટ્રાફિક જામનો સામનો કરવો પડ્યો હતો.

દિલ્હી-નોઈડા-ડાયરેક્ટ (દ્ગદ્ગઢ) ફ્લાયવે, મથુરા રોડ, વિકાસ માર્ગ,ૈં,ૈંજીમ્, ગીતા કોલોની, સરાય કાલે ખાન, પ્રગતિ મેદાન, મહેરૌલી-બદરપુર રોડ, અક્ષરધામ, રોહતક રોડ, પીરાગઢી રોડ, દિલ્હી-જયપુર હાઈવે, મધુબન ચોક, સ્મ રોડ, સ્ય રોડ, ધૌલા કુઆન,ૈં અને રાજારામ કોહલી માર્ગ પર ભારે ટ્રાફિક જામ જોવા મળ્યો હતો, એમ દિલ્હી ટ્રાફિક પોલીસના એક અધિકારીએ જણાવ્યું હતું.

બદરપુરથી આશ્રમ સુધી વાહનોની લાંબી કતાર પણ નોંધાઈ હતી, જેના કારણે ઓફિસ જનારાઓ અને સ્કૂલ બસોને મોટી અસુવિધા થઈ હતી.

વાહનો ગોકળગાયની ગતિએ આગળ વધી રહ્યા હતા, મુસાફરો સોશિયલ મીડિયા પર ટ્રાફિક જામ અંગે પોતાનો ગુસ્સો વ્યક્ત કરી રહ્યા હતા. ×દિલ્હીથી દ્ગઉૂ૮ પર ટ્રાફિકની ગતિ કેટલી છે? એમ્બ્યુલન્સને પણ એક ઇંચ આગળ વધવામાં મુશ્કેલી પડી રહી છે,× એક મુસાફરે કહ્યું.

બીજા મુસાફરે લખ્યું કે તેઓ બદરપુર ફ્લાયઓવરથી સરિતા વિહાર મેટ્રો સ્ટેશન સુધી ભારે ટ્રાફિકમાં ફસાયેલા છે.

×ચાર કિલોમીટરનું અંતર કાપવામાં મને એક કલાકથી વધુ સમય લાગ્યો, અને હવે ૩૦ મિનિટ સુધી કોઈ અવરજવર નથી,× તેમણે ઉમેર્યું.

એક મોટરચાલકે કહ્યું કે તેમણે છૈંસ્જી ચોક ક્રોસિંગ પર ભારે પાણી ભરાયેલા જોયા જેના કારણે ભારે વરસાદ વચ્ચે ટ્રાફિક ઠપ્પ થઈ ગયો.

ઘણા લોકોએ શહેરના ઘણા ભાગોમાં ઘૂંટણ સુધી પાણી ભરાયેલા રસ્તાઓ પર વાહનો પસાર થતાના દ્રશ્યો પણ શેર કર્યા.

રાજધાનીના અન્ય વિસ્તારોમાં જ્યાં પાણી ભરાયા અને ટ્રાફિક ખોરવાયો છે તેમાં પંચકુઈયાન માર્ગ, મથુરા રોડ, શાસ્ત્રી ભવન, આરકે પુરમ, મોતી બાગ, મહેરૌલી-ગુડગાંવ રોડ, નેહરુ પ્લેસ, કૈલાશના પૂર્વ અને કિદવાઈ નગરનો સમાવેશ થાય છે.

દિલ્હી ટ્રાફિક પોલીસે જણાવ્યું કે ભીડનું સંચાલન કરવા અને વાહનોના પ્રવાહને નિયંત્રિત કરવા માટે તેમની ટીમો અનેક સ્થળોએ તૈનાત કરવામાં આવી છે. ×કેટલાક વિસ્તારોમાં વરસાદ અને પાણી ભરાવાના કારણે, ટ્રાફિકની ગતિ ધીમી પડી હતી. પરિસ્થિતિને સુવ્યવસ્થિત કરવા અને મુસાફરોને મદદ કરવા માટે અમારા કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે,× એક અધિકારીએ ઉમેર્યું.

## તંત્રી સ્થાનેથી..

# ભારતે વૈશ્વિક સંકટ અટકાવ્યું

અમેરિકાએ રશિયન ઓઈલ ખરીદવા બદલ ભારત પર ૫૦% ટેરિફ લગાવી દીધો છે અને વારંવાર ભારત પર હુમલો કરી રહ્યું છે. ટ્રમ્પના સહયોગી પીટર નવારોએ તો એવો પણ દાવો કરી દીધો છે કે યુક્રેન સંઘર્ષ વાસ્તવમાં 'મોદીનું યુદ્ધ' છે. ભારત રશિયા પાસેથી સસ્તા ભાવે ક્રૂડ ઓઈલ ખરીદે છે અને રશિયન કંપનીઓ સાથે ભાગીદારીમાં ભારતમાં તેને રિફાઈન કરે છે અને પછી તે બાકીના વિશ્વમાં ઊંચા ભાવે વેચાય છે. આ પૈસા રશિયાને યુક્રેનમાં તેના યુદ્ધને ભંડોળ પૂરું પાડવામાં મદદ કરે છે.

આ વચ્ચે ઉદ્યોગ સૂત્રોએ અનેક તથ્યોનો હવાલો આપીને તમામ જુઠ્ઠાણાને નકારી કાઢ્યા છે અને જણાવ્યું છે કે જો ભારતે રશિયન ઓઈલ ન ખરીદ્યું હોત તો વૈશ્વિક પરિણામો કેટલા ભયાનક આવ્યા હોત. સૂત્રોનું કહેવું છે કે ભારતે રશિયન ઓઈલ ખરીદીને એક ગ્લોબલ સંકટને અટકાવ્યું છે. જો ભારતે ઓઈલની ખરીદી બંધ કરી દીધી હોત, તો આજે ક્રૂડ ઓઈલની કિંમત પ્રતિ બેરલ ૨૦૦ ડોલર સુધી પહોંચી ગઈ હોત.

એક અહેવાલમાં સૂત્રોનો હવાલો આપીને કહેવામાં આવ્યું છે કે, ભારતની આયાતે વૈશ્વિક બજારોને સ્થિર કર્યા છે અને રશિયાને નાણાકીય પ્રોત્સાહન આપવાના બદલે વિશ્વભરના ગ્રાહકો માટે ઈંધણના ભાવ સ્થિર રાખવામાં મદદ કરી છે. આ પગલાની અમેરિકાના નાણામંત્રી જેનેટ યેલન સહિત અનેક ઈન્ટરનેશનલ હસ્તીઓએ પણ પ્રશંસા કરી છે.

ગ્લોબલ માર્કેટથી રશિયન ઓઈલ બહાર થઈ જવાની અગાઉની આશંકાઓએ બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો કરી દીધો હતો. માર્ચ ૨૦૨૨માં તેની કિંમત પ્રતિ બેરલ ૧૩૭ ડોલરની ઊંચી સપાટીએ પહોંચી ગઈ હતી. ત્યારબાદ ભારતે રશિયન ઓઈલ ખરીદીને ગ્લોબલ પરિસ્થિતિને સંભાળી છે. એક ન્યૂઝ એજન્સીના સૂત્રના જણાવ્યા પ્રમાણે ભારતે નિયમો અનુસાર જ રશિયન ઓઈલની ખરીદી કરી છે અને કોઈપણ નિયમોનું ઉલ્લંઘન નથી કર્યું.

ટ્રમ્પના સહયોગી પીટર નવારોએ આ અઠવાડિયાની શરૂઆતમાં જ એક ઈન્ટરવ્યુ આપ્યુ હતું જેમાં તેમણે દાવો કર્યો હતો કે, ભારત સસ્તા ભાવે ઓઈલ ખરીદીને રશિયાને મદદ કરી રહ્યું છે. જો ભારત હમણાં જ રશિયન ઓઈલ ખરીદવાનું બંધ કરી દે તો તેને અમેરિકન ટેરિફમાં તાત્કાલિક ૨૫%ની છૂટ મળી શકે છે. યુક્રેનમાં શાંતિનો માર્ગ ભારતથી પસાર થઈને જાય છે.

ઉદ્યોગના સૂત્રોએ જણાવ્યું કે, પ્રચલિત દાવાઓથી વિપરીત ભારતીય રિફાઈનર્સ રશિયન ઓઈલ ખરીદવા માટે અમેરિકન ડોલરનો ઉપયોગ નથી કરતા. ખરીદી ત્રીજા દેશના વેપારીઓના માધ્યમથી કરવામાં આવે છે અને છઈદ્ઘ જેવા ચલણોમાં સેટલ કરવામાં આવે છે. અમેરિકન સરકારે ક્યારેય ભારતને ખરીદી બંધ કરવા માટે નથી કહ્યું. ભારતનો વેપાર સંપૂર્ણપણે કાયદેસર છે અને ય૭ અને ઈેના નિયત ભાવ નિયમો હેઠળ છે.

# જમીન સંપાદનના વળતરમાં જાહેર થયા નવા નિયમો



ગાંધીનગર, તા.૩૦

ગુજરાત સરકારે આજે જમીન સંપાદન મામલે મોટો નિર્ણય લીધો છે. જમીન સંપાદન વખતે વળતર અને વધારાના વળતરની વ્યાજ સહિતની ચુકવણી વખતે ટીડીએસ કાપવા સંદર્ભ એક નવો સુધારો કર્યો છે. મહેસુલ વિભાગ દ્વારા પરિપત્ર કરીને જમીન સંપાદનના વળતર અને વ્યાજ સહિતના વધારાની રકમ ઉપર ટીડીએસ કાપવાના નવા નિયમો જાહેર થયા છે. કોર્ટના આદેશના પગલે વળતર અને વધારાના વળતરની વ્યાજ સહિતની ચુકવણી ટીડીએસ કાપ્યા વગર કોર્ટમાં જમા કરાશે.

જે તે જમીન સંપાદન અધિકારી દ્વારા ટીડીએસની રકમ કાપવાની રહેશે. અરજદારને ટીડીએસનું પ્રમાણપત્ર આપવાનું રહેશે જેથી એ ઈક્મટેક્સ રિટર્નમાં તે બતાવી શકે. જો કોઈ પણ અરજદાર ટેક્સ ભરવામાંથી મુક્તિ કે ઘટાડેલો ટેક્સ ભરવાની પ્રમાણપત્ર રજૂ કરે તો તેના આધારે ટીડીએસ કાપવાનો રહેશે. આમ જમીન સંપાદની વળતરમાં નવા નિયમોથી ખેડૂતોને ઝટકો લાગે તો નવાઈ નહીં.સરકારે જાહેર કરેલા પરિપત્રમાં જણાવ્યું છે કે, સુપ્રિમ કોર્ટ દ્વારા સીવીલ અપીલ નં. ૧૫૦૪૧/૨૦૧૭માં તા. ૧૫/૦૯/૨૦૧૭ના ચુકાદામાં જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ હેઠળ સંપાદન થતી જમીનના સંદર્ભમાં વળતર તથા વધારાના વળતર પર ટી.ડી.એસ.ની કપાત તેમજ તે અંગેની કાર્યપદ્ધતિનો નિર્દેશ કરેલ છે. સુપ્રિમ કોર્ટ દ્વારા ઉકત તા. ૧૫/૦૯/૨૦૧૭ના ચુકાદામાં સીવીલ અપીલ નં. ૪૪૦૧/૨૦૦૯માં નામ. સુપ્રિમકોર્ટના તા. ૧૬/૦૭/૨૦૦૯ના ચુકાદાનો તેમજ કેરાલા હાઈકોર્ટ દ્વારા નલિની વિરૂદ્ધ ડે. કલેકટર, જમીન સંપાદન(૨૦૦૬(૪) આઈએલઆર કેરાલા ૨૨૯)ના કેસનો આધાર લેવામાં આવેલો છે. વંચાણે લીધેલ સંદર્ભ ક્રમાંક(૧)ના ઠરાવથી નામ. સુપ્રિમકોર્ટના ઉક્ત તા. ૧૫/૦૯/૨૦૧૭ના ચુકાદાને ધ્યાને લઈને કેરાલા હાઈકોર્ટ દ્વારા નલિની વિરૂદ્ધ ડે. કલેકટર, જમીન સંપાદન (૨૦૦૬(૪) આઈએલઆર કેરાલા ૨૨૯)ના કેસથી જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ હેઠળ સંપાદન થતી જમીનના સંદર્ભમાં વળતર તથા વધારાના વળતર પર ટી.ડી.એસ.ની કપાત અંગે નિયત થયેલ કાર્યપદ્ધતિ અપનાવવા જમીન સંપાદન અધિકારીઓને સૂચના આપવામાં આવેલ હતી. ઉકત ઠરાવમાં વળતરની રકમ અને તેના વ્યાજ પર ટી.ડી.એસ.ની કપાત કરવા અંગેની સૂચના આપવામાં આવેલ ન હતી.આથી જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ હેઠળ જમીન સંપાદન કેસમાં ચુકવવામાં આવતા વળતર તેમજ વધારાના વળતર પર ટી.ડી.એસ.ની કપાત કરવા અંગે નવેસરથી કાર્યપદ્ધતિ નક્કી કરવાની બાબત સરકારમાં વિચારણા હેઠળ હતી. આથી પુખ્ત વિચારણાને અંતે જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ હેઠળ જમીન સંપાદન કેસમાં ચુકવવામાં આવતા વળતર તેમજ વધારાના વળતર પર ટી.ડી.એસ.ની કપાત કરવા અંગે નીચે મુજબની કાર્યપદ્ધતિ ઠરાવવામાં આવે છે. જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ની કલમ-૧૮ હેઠળના રેફરન્સ હેઠળ નામ. કોર્ટ દ્વારા વધારી આપવામાં આવેલા વળતરની વ્યાજ સહિતની રકમ પર ટી.ડી.એસ.ની કપાત કરવાની થાય છે, પરંતુ આવી કપાત જમીન સંપાદન અધિકારી દ્વારા સીધી રીતે ન કરતાં વધારાના વળતરની વ્યાજ સહિતની સંપૂર્ણ રકમ નામ. કોર્ટમાં જમા કરાવવાની રહેશે.જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ની કલમ-૨૮(એ) હેઠળના વળતરની વ્યાજ સહિતની રકમ પર જમીન સંપાદન અધિકારી દ્વારા ટી.ડી.એસ. કપાત કરવાની રહેશે. ઉકત ટી.ડી.એસ. કપાત બાબતે જમીન સંપાદન અધિકારી દ્વારા ખાતેદાર/અરજદારને ઈક્મટેક્ષની રકમ કપાત પહેલાં ઈક્મટેક્ષ ચુકવવાની તેઓની જવાબદારી અંગે જણાવવાનું રહેશે. વધુમાં જમીન સંપાદન અધિકારીએ પ્રવર્તમાન આવકવેરા અધિનિયમ અને નિયમો હેઠળ કાપવાપાત્ર ટી.ડી.એસ.ની રકમ કાપીને બાકી રહેતી રકમનું ચૂકવણું ખાતેદાર/અરજદારને કરવાનું રહેશે.જો અરજદાર પ્રવર્તમાન આવકવેરા અધિનિયમ હેઠળ સક્ષમ સત્તા પાસેથી આવકવેરો ભરવામાંથી મુક્તિનું કે ઘટાડેલા દરે આવકવેરો ભરવાનું પ્રમાણપત્ર રજૂ કરે તો આ અનુસાર ટી.ડી.એસ. રકમ જ કાપવાની રહેશે તથા બાકી રકમનું ચુકવણું કરવાનું રહેશે. જમીન સંપાદન અધિકારી દ્વારા કરવામાં આવેલ ટી.ડી.એસ.ની કપાત નિયત સમયમર્યાદામાં ઈક્મટેક્ષ વિભાગમાં જમા કરાવવાની રહેશે.

# ખાડારાજથી પરેશાન પાલનપુરની જનતા હવે મેદાને ચડી

પાલનપુર, તા.૩૦

પાલનપુરમાં ખાડા રાજ વાળા રસ્તાઓ લોકો માટે માથાના દુખાવા સમાન બન્યા છે. ખાસ કરીને પાલનપુરના ગઠામણ દરવાજાથી ડેરી રોડ વિસ્તારમાં તૂટેલા રસ્તાઓને લઈ તંત્રને અનેક વાર રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ ન આવતા આજે સ્થાનિકોએ જ અનોખી રીતે વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું અને 'રામ બોલો ભાઈ રામ'ના સૂત્રો સાથે નનામી બનાવી નગરપાલિકાની અંતિમયાત્રા કાઢી હતી. જોકે આ ઘટનાની માહિતી મળતા જ પોલીસે વિરોધ કરી રહેલા સ્થાનિકોને ઝડપી પાડી નજર કેદ કરાયા છે.

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં રોડ રસ્તાની સ્થિતિ કથળી છે. શહેરના અનેક માર્ગો પર સામાન્ય વરસાદમાં જ ખાડા રાજ સર્જાયું છે. એમાં પણ ખાસ કરીને પાલનપુરના ગઠામણ દરવાજાથી ડેરી રોડ સુધી શહેરનો હાર્દ સમાન વિસ્તારને જોડતા રોડ પણ વાહનચાલકો માટે માથાનો દુ:ખાવો બન્યો છે. આ વિસ્તારમાં શહેરના ધારાસભ્ય સહિત જિલ્લા પોલીસ વડા અને જિલ્લા કલેકટરનું નિવાસસ્થાન આવેલું હોવા છતાં પણ આ રસ્તાનું સમારકામ કરવામાં આવતું નથી, જેથી આ ખાડારાજને કારણે સ્થાનિકો હાહાકાર પોકારી ઊઠ્યા છે.

આ બાબતે સ્થાનિકો દ્વારા તંત્રને અવારનવાર રજૂઆત કરી રસ્તાના રીનોવેશનની માગણી કરાઈ છે, પરંતુ તંત્ર દ્વારા કોઈ નિકાલ ન લાવતા આખરે ત્રાહિમામ પોકારી ઊઠેલા સ્થાનિકોએ આજે ઘોર નિંદ્રામાં સૂતેલા તંત્રને જગાડવા અનોખી રીતે વિરોધ પ્રદર્શિત કર્યો છે, આ માટે સ્થાનિકોએ નગરપાલિકાની નનામી તૈયાર કરી, જાહેર માર્ગ પર પાલિકાની અંતિમયાત્રા યોજી હતી. આ વિરોધ રૂપે યોજાયેલી અંતિમયાત્રા જાહેર માર્ગ પર પાલનપુરની આઈ.ટી.આઈ કોલેજથી પાલિકા સુધી પહોંચવાની હતી, પરંતુ પોલીસે વિરોધ પ્રદર્શનને બંધ કરાવ્યું છે.



રોડની નનામી સાથે અંતિમયાત્રા રૂપે થઈ રહેલા આ અનોખા વિરોધ પ્રદર્શનની જાણ થતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને વિરોધ કરી રહેલા સ્થાનિકોને ઝડપી પાડી, તેમને નજર કેદ કર્યા હતા. ત્યારે સ્થાનિકો લોકોએ પોલીસ તંત્રની કામગીરી પર નારાજ થઈને તંત્ર સહિત પોલીસની કામગીરી પર પણ આક્ષેપો કર્યા છે.

હાલ તો પોલીસે વિરોધ કરનાર સ્થાનિકોને નજર કેદ કરતા મામલો થાળે પડ્યો છે. પરંતુ સ્થાનિકોનું કહેવું છે કે, 'અવારનવાર તંત્રને રજૂઆત કરી છે, પરંતુ આ તંત્ર હજુ પણ ઘોર નિંદ્રામાં છે અને રસ્તા પર રહેલા ખાડાનું સમારકામ કરવામાં આવ્યું નથી, ત્યારે આ સમસ્યા અંગે તંત્ર વહેલી તકે નહીં જાગે તથા આ રસ્તાનું સમારકામ નહીં કરે તો હજુ પણ ઉગ્ર આંદોલન કરીશું' એવી ચીમકી ઉચ્ચારી છે.

# રેડોમ એર શોના રિહર્સલ દરમિયાન F-૧૬ ફાઈટર જેટ ક્રેશ

મધ્ય પોલેન્ડના રાડોમમાં એરશો માટે રિહર્સલ દરમિયાન પોલિશ એરફોર્સનું હ્વ-૧૬ ફાઈટર જેટ ક્રેશ થયું હતું, જેમાં પાઈલટનું મોત થયું હતું. આ દુર્ઘટના બાદ, આયોજકોએ જાહેરાત કરી હતી કે સપ્તાહના અંતે યોજાનારા રાડોમ એરશો રદ કરવામાં આવ્યો છે.

અહેવાલો અનુસાર, જેટ લગભગ ૧૭૩૦ જ્ વાગ્યે રનવે પર પડી ગયું હતું, જેના કારણે નુકસાન થયું હતું. સરકારના પ્રવક્તા એડમ સ્ઝલાપકાએ ઠ પર પાઈલટના મૃત્યુની પુષ્ટિ કરી હતી, અને ઉમેર્યું હતું કે સંરક્ષણ પ્રધાન વ્લાદિસ્લાવ કોસિનિયાક-કામિસ્ઝ ક્રેશ સ્થળ તરફ જઈ રહ્યા હતા.

સોશિયલ મીડિયા પર શેર કરાયેલા ફૂટેજમાં વિમાન જમીન પર અથડાતા આગમાં લપેટાયેલું દેખાતું હતું, જોકે ઈન્ડિયા ટીવીએ સ્વતંત્ર રીતે વીડિયોની ચકાસણી કરી નથી.

કોસિનિયાક-કામિસ્ઝે પાછળથી ઘટનાસ્થળેથી ઠ પર પોસ્ટ કરી, મૃત્યુની પુષ્ટિ કરી અને પાઈલટને શ્રદ્ધાંજલિ આપી.

×F-૧૬ દુર્ઘટનામાં, પોલિશ આર્મીના એક પાઈલટનું મૃત્યુ થયું, એક અધિકારી જે હંમેશા સમર્પણ અને મહાન હિંમત સાથે પિતૃભૂમિની સેવા કરતા હતા. હું તેમની સ્મૃતિને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. તેમના પરિવાર અને પ્રિયજનો પ્રત્યે, હું મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. આ વાયુસેના અને સમગ્ર પોલિશ આર્મી માટે એક મોટું નુકસાન છે,× તેમણે લખ્યું.

રાડો એર શો રદ

દુર્ઘટનાને પગલે, સપ્તાહના અંતે યોજાતો રાડોમ એર શો રદ કરવામાં આવ્યો છે.





સંરક્ષણ પ્રધાને ક્રેશ સ્થળની મુલાકાત લીધી અને પાઈલટનું સન્માન કર્યું, તેમને એક એવા અધિકારી તરીકે વર્ણવ્યા જેમણે સમર્પણ અને હિંમત સાથે પોતાના દેશની સેવા કરી.

## ધ્રોળ નજીક વાંકિયા ગામ પાસે આવેલી ઊંડ નદીના કાંઠેથી

# એક સાથે આઠ ખેડૂતોની પાણીની મોટરની ચોરી થઈ



જામનગર, તા.૩૦

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના વાંકીયા ગામ નજીક આવેલી ઊંડ નદીના કાંઠે કેટલાક ખેડૂત દ્વારા પોતાની પાણીની મોટર અને પાઈપલાઈન ગોઠવીને પોતાના વાડી ખેતરમાં પાણી લેવામાં આવી રહ્યું હતું. દરમિયાન ૮ જેટલા ખેડૂતોની પાણીની મોટર ડેમના કાંઠે રાખવામાં આવેલી હતી. જ્યાંથી કોઈ તસ્કરો એકી સાથે તમામ ઈલેક્ટ્રીક મોટરોની ચોરી કરી લઈ ગયા હતા.

જે ચોરીના બનાવ અંગે એક ખેડૂત ભાવેશ પ્રેમજીભાઈ ગડારાએ ધ્રોળ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં ધ્રોલ પોલીસ દ્વારા આ મામલે તપાસ શરૂ કરાઈ છે.

# કેન્દ્રીય મંત્રી સી.આર. પાટિલનાં અધ્યક્ષસ્થાને બોટાદમાં ઐતિહાસિક જળસંચય કાર્યક્રમ



બોટાદ,

ભારત સરકાર તથા ગુજરાત સરકારનાં સંયુક્ત ઉપક્રમે "જળ સંચય જન ભાગીદારી અભિયાન" અંતર્ગત ભારત સરકારનાં જળશક્તિ મંત્રાલયનાં મંત્રીશ્રી સી.આર. પાટિલનાં વરદ હસ્તે જળસંચયના કામોનાં ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કાર્યક્રમનું આયોજન બોટાદમાં નિલકંઠ પાર્ટી પ્લોટ, ગઢડા રોડ, બોટાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ તકે ૧૯૮ લાખનાં ૧૪૮૫ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જ્યારે રૂ. ૩૪૭ લાખનાં ખર્ચે ૧૦૯૪ કામોનું લોકાર્પણ કેન્દ્રીય મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીશ્રી સી.આર.પાટિલે જણાવ્યું હતું કે, ×'પાણી બચાવવું એ આપણાં સૌની ફરજ છે' અને 'સીમનું પાણી સીમમાં, ગામનું પાણી ગામમાં' જેવાં મંત્રો આજે વૈશ્વિક જળ સંકટનાં સમયમાં વધુ પ્રસ્તુત બન્યાં છે. ત્યારે વરસાદી પાણીના સંગ્રહ માટેનાં નાનામાં નાના પ્રયાસો પણ સામૂહિક રીતે મોટા પરિણામો લાવી શકે છે. વરસાદનું પાણી જીલી લેવું જોઈએ અને જ્યારે જરૂર પડે ત્યારે ઉપયોગ કરવો જોઈએ. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આપણાં દેશને પાણીદાર બનાવવા માટે અનેક પ્રયત્નો થયાં અને તેનાં પરિણામે આજે આપણને જળ સંચય અભિયાન ક્ષેત્રે સફળતા મળી રહી છે. આપણાં સૌ માટે ગૌરવની વાત છે કે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વમાં જળ સંચય અભિયાનની અમલવારીમાં આપણું રાજ્ય મોખરે છે. આપણાં રાજ્યમાં દાતાશ્રીઓના સહયોગ, વહીવટી તંત્ર અને સ્થાનિક આગેવાનોનાં સહયોગથી ખૂબ સારી કામગીરી કરવામાં આવી રહી છે.×

કેન્દ્રીય મંત્રીશ્રી સી.આર.પાટિલે વધુ જણાવ્યું હતું કે, ×જનભાગીદારી થકી હાથ ધરાતાં આવાં કાર્યો ભવિષ્યની પેઢી માટે જળ સુરક્ષા સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ કદમ છે. આ જળ સંચયથી ખેતી માટે સિંચાઈના પાણીની ઉપલબ્ધતામાં વધારો થશે અને પીવાના પાણીની સમસ્યા પણ હળવી બનશે. આપણે સૌએ સૌપ્રથમ એ વિચાર કરવો જોઈએ કે આપણાં ઘરનાં ધાબા પર આવતાં વરસાદી પાણીનો કેવી રીતે સંગ્રહ કરી શકાય, નાના પ્રયત્નોથી સરળતાથી ૩ થી ૪ લાખ લિટર પાણી જમીનમાં ઉતારી શકાય છે. ખેતરોમાં સ્ટ્રક્ચર બનાવીને જળ સંચય કરવો જોઈએ. સૌરાષ્ટ્રમાં એક સમયે પાણીની અછત હતી, પરંતુ સૌની યોજના જેવાં પ્રયત્નોથી આ સમસ્યા હલ થઈ છે. વરસાદી પાણીનો સંગ્રહ કરવાની કામગીરી સૌ ગામવાસીઓએ ઝુંબેશરૂપે હાથ ધરવી જોઈએ. સંગ્રહિત કરેલાં વરસાદી પાણીની ગુણવત્તા પણ શ્રેષ્ઠ હોય છે. જળસંચય અભિયાન આગામી પેઢીનાં ભાવિને સુરક્ષિત કરવામાં અનિવાર્ય યોગદાન આપી રહ્યું છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ કરી, તેને ભૂગર્ભમાં ઉતારી જળસ્તરને પુનર્જીવિત કરવાનો, સિંચાઈ ક્ષમતા વધારવાનો અને લાંબાગાળે ખેડૂતોની સમૃદ્ધિ સુનિશ્ચિત કરવા જેવી સકારાત્મક અસરો જોવા મળે છે. ત્યારે આપણે સૌ જળ સંચય અભિયાનમાં જોડવવા માટે સંકલ્પબદ્ધ થઈએ અને આ અભિયાનમાં ભાગીદાર બનીએ.×આ અવસરે અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગનાં કેન્દ્રિય રાજયમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, "આજે આપણી બોટાદની ધરતી પર જળ સંચયની દિશામાં ઐતિહાસિક પગલાઓ લેવાઈ રહ્યાં છે, આજનો દિવસ આપણાં સૌ માટે ખૂબ મોટો દિવસ છે. દેશનાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલાં જળ સંચય અભિયાનને ભારત સરકારશ્રીના જળશક્તિ મંત્રાલયનાં મંત્રીશ્રી સી.આર.પાટિલે કુશળ નેતૃત્વથી વેગ આપ્યો છે. 'જલ હૈ તો કલ હૈ', પાણી બચાવવું એ દરેક નાગરિકની ફરજ છે. રિડ્યુઝ, રિયુઝ અને રિસાઈકલના સૂત્રને અનુસરતાં વિકસિત ભારત માટે પાણીની વ્યવસ્થા સુનિશ્ચિત કરે છે. આપણે સૌએ નિર્ધાર કરવાનો છે કે આપણાં ગામમાં, આપણાં વોર્ડમાં નાના નાના વોટર હાર્વેસ્ટિંગ અને કેચ ધ રેઈનના સરળ સ્ટ્રક્ચર ઉભાં કરી વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે આપણે આગળ વધીએ."

આ કાર્યક્રમમાં સ્વાગત વિધિ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી ભાર્ગવ પટેલ દ્વારા જ્યારે આભાર વિધિ નિવાસી અધિક કલેક્ટરશ્રી પી.એલ.ઝણકાત દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં જળશક્તિ મંત્રાલય વિભાગની ડોક્યુમેન્ટ્રી પ્રદર્શિત કરવામાં આવી હતી.

બોટાદ ખાતે યોજાયેલાં કાર્યક્રમમાં સુરેન્દ્રનગર લોકસભા બેઠકના સાંસદશ્રી ચંદુભાઈ સીહોંરા, બોટાદ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જેઠીબેન પરમાર, ગઢડાના ધારાસભ્યશ્રી મહંત શંભુનાથજી ટૂંડિયા, ધંધુકાના ધારાસભ્યશ્રી કાળુભાઈ ડાભી, કિશાન મોરચાના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી બાબુભાઈ જેબલીયા, જિલ્લા અગ્રણીશ્રી મયૂરભાઈ પટેલ, શ્રી પાલજીભાઈ પરમાર, શ્રી રઘુભાઈ હુંબલ, જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખશ્રી સુરેશભાઈ ગોધાણી સહિતના અગ્રણીશ્રીઓ, અગ્રણી ઉદ્યોગપતિશ્રી વેલજીભાઈ, શ્રી નાનુભાઈ મેણપરા તેમજ બોટાદ જિલ્લાનાં ઉચ્ચ અધિકારીશ્રીઓ કલેક્ટરશ્રી ડો. જીન્સી રોય, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અક્ષય બુડાનિયા, બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ચિંતન જે. તેરૈયા, પ્રાંત અધિકારીશ્રી આરતી ગોસ્વામી સહિતનાં અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું